


ખંડ-૫
અંક-૨
ફેબ્રુઆરી ૨૦૧૯

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન

કૃષિ ઉદય...

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
શ્રી મનિષ મકવાણા

પ્રચાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઇકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાની શરુઆત કરી......




કૃષિ ક્ષેત્ર એ ગ્રામીણ અર્થતંત્રની સતત કરોડરજ્જુ બની રહી છે. છેલ્લાં સાડા ચાર વર્ષોથી અમારી સરકારની ખેડૂત કલ્યાણકારી નીતિઓ દ્વારા સમર્થિત પગલાંઓ અને અમારા ખેડૂતોના અથાગ/સખત મહેનતના કારણે દેશમાં વિક્રમજનક પાક ઉત્પાદન થયુ છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં ખેતપેદાશના ઘટતા જતાં ભાવો અને ભારતમાં ૨૦૧૭-૧૮ થી ખાદ્યાન્ન ફુગાવામાં ઘટાડાએ બિન-કૃષિ ક્ષેત્રની સરખામણીમાં કૃષિ ક્ષેત્રમાંથી મળતા વળતરમાં ઘટાડો થયો છે. પુનરાવર્તિત વિભાગોના કારણે નાના અને વિભાજીત ખેડાણ ઘટકોને કારણે પણ ખેડૂતોની આવકમાં ઘટાડો થયો છે. તેથી, દેશના ગરીબ ખેડૂતોને બિયારણ, ખાતરો, ખેત ઓજારો, શ્રમ વગેરે જેવા કૃષિ નિક્ષેપો ખરીદવા તેમજ અન્ય જરૂરિયાતોને પહોંચી વળવા માટે માળખાગત આવક સહાયની જરૂરિયાત છે. આવક સહાયના ટેકાથી તેઓ દેવું કરવાનું ટાળશે અને શાહુકારોની દેવાના બોજામાંથી મુક્તિ મળશે. નાના અને સીમાંત ખેડૂતોને ચોક્કસ આવક સહાય પૂરી પાડવા માટે સરકારે "પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ(PM-KISAN)" ઐતિહાસિક યોજનાની શરૂઆત કરી છે. આ યોજના હેઠળ, ૨ હેક્ટર સુધીની જમીન ધરાવતા નબળા ખેડૂતોના પરિવારને પ્રત્યેક વર્ષે રૂ.૬૦૦૦/- ના દરે સીધી આવક સહાય આપવામાં આવશે. આ આવક સહાય રૂ.૨૦૦૦/-

ના દરે ત્રણ સમાન હપ્તામાં લાભાર્થી ખેડૂતોના સીધા બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ યોજના માટે જરૂરી ભંડોળ ભારત સરકાર દ્વારા આપવામાં આવશે અને તેનાથી આશરે ૧૨ કરોડ જેટલાં નાના અને સીમાંત ખેડૂતોના પરિવારોને ફાયદો થવાની ધારણા છે. આ યોજના ૧ લી ડિસેમ્બર, ૨૦૧૮ થી અમલી બનાવાશે અને ૩૧ મી માર્ચ, ૨૦૧૯ સુધીના સમયગાળાનો હપ્તો આ વર્ષે જ ચૂકવી દેવામાં આવશે. આ યોજનાનો વાર્ષિક ખર્ચ અંદાજે રૂ. ૭૫,૦૦૦ કરોડ રહેશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના અંદાજપત્રીય ફાળવણી ૨૦૧૮-૧૯ માં રૂ.૫૮,૩૫૮ કરોડથી ૨.૫ ગણું વધીને ૨૦૧૯-૨૦ માં રૂ. ૧,૪૧,૧૭૪.૩૭ કરોડ થઇ ગયુ છે.

- ❖ સૂક્ષ્મ સિંચાઇ ભંડોળ- રૂ.૫૦૦૦ કરોડ
- ❖ દૂધ પ્રક્રિયા અને માળખાકીય સુવિધા વિકાસ ભંડોળ - રૂ.૧૦,૮૮૧ કરોડ
- ❖ બજાર માળખાગત સુવિધા ભંડોળ - રૂ.૨૦૦૦ કરોડ
- ❖ મત્સ્ય અને એક્વાકલ્ચર માળખાકીય સુવિધા વિકાસ ભંડોળ- રૂ.૭૫૨૨.૪૮ કરોડ
- ❖ પશુપાલન માળખાકીય સુવિધા વિકાસ ભંડોળ- રૂ.૨૪૭૭.૫૨ કરોડ

**રાષ્ટ્રીય ગોકુલ મિશન.........................**




રાષ્ટ્રીય ગોકુલ મિશન દેશના પશુપાલનને પ્રોત્સાહન આપવા માટે વૈજ્ઞાનિક અને સર્વગ્રાહી સ્વરૂપે તેમના આનુવંશિક સંશાધનો જાળવવા અને ભારતીય પશુઓની ઉત્પાદકતામાં વધારો અને વિકાસ કરવા માટે સૌપ્રથમ કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે. તેના મહત્વને ધ્યાનમાં રાખીને ૨૦૧૮-૧૯ના બજેટમાં ફાળવણી રૂ.૨૫૦ કરોડથી વધારીને રૂ.૭૫૦ કરોડ કરવામાં આવેલ છે. ગાયોની જાતોમાં સુધારો કરી, તેમની ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરવા માટે "રાષ્ટ્રીય કામધેનુ આયોગ" ની સ્થાપના કરવામાં આવી છે. આ આયોગ ગાયોના રક્ષણના કાયદાઓ અને કલ્યાણકારક યોજનાઓના અસરકારક અમલીકરણનું પણ ધ્યાન રાખશે. ગૌશાળા અને ગૌસદનને ગાયના રક્ષણ બાબતે સલાહ આપવા ઉપરાંત ગૌચર ખેડૂતો અને સહકારી મંડળીઓ, ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ, ડેરી ઉદ્યોગ સાહસિકો વગેરે વચ્ચે સંકલન સાંધવામાં પણ મદદરૂપ થાય છે.

**સરકારે મત્સ્યોદ્યોગનો અલગ વિભાગ બનાવવાનું નક્કી કર્યું છે....**



કુલ માછલીના ઉત્પાદનમાં વૈશ્વિક ઉત્પાદનમાં ૬.૩ % હિસ્સો ધરાવતો ભારત દેશમાં વિશ્વમાં બીજા નંબરનો માછલી ઉત્પાદક દેશ છે. માછીમારે ક્ષેત્ર કુલ ઘરેલું ઉત્પાદનમાં ૧% જેટલો ફાળો આપે છે અને પ્રાથમિક સ્તરે ૧.૪૫ કરોડ લોકોને આજીવિકા પૂરી પાડે છે. તાજેતરના વર્ષોમાં આ ક્ષેત્રે સરેરાશ વાર્ષિક ૭% કરતા પણ વધુ વૃદ્ધિ હાંસલ કરી છે અને ૨૦૧૭-૧૮ દરમિયાન કુલ ઉત્પાદન ૧૨.૬૧ મિલિયન ટન હતુ. ૨૦૧૭-૧૮ દરમિયાન નિકાસમાંથી આવક રૂ.૪૫,૧૦૬.૮૯ કરોડ હતી જેમાં તાજેતરના વર્ષોમાં આશરે ૧૧.૩૧% ની સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર જોવા મળેલ છે. આ ક્ષેત્રના વિકાસ તરફ સતત ધ્યાન કેન્દ્રિત કરવા માટે સરકારે મત્સ્ય વિભાગ અલગ વિભાગ બનાવવાનો નિર્ણય લીધેલ છે. કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા સરકારે ખેડૂતોને સસ્તા દરે સંસ્થાકીય ધિરાણ પૂરુ પાડે છે. તેનાથી કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થાય છે. વ્યાજ સમાવેશ યોજનામાં, ખેડૂતોને ૪% ના વ્યાજ દર પર ધિરાણની સમયસર ચૂકવણી પર બેંકો દ્વારા દર વર્ષે રૂ.૩ લાખ સુધીની ટૂંકા ગાળાની ધિરાણ આપવામાં આવે છે. છેલ્લાં બજેટમાં સરકારે પશુપાલક અને માછીમાર ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) ની સુવિધા પૂરી પાડવાની જાહેરાત કરી છે. પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગની પ્રવૃતિઓ કરતા ખેડૂતોને ૨% માફી વ્યાજના દરે કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ધિરાણ આપવામાં આવશે. વધુમાં, ધિરાણની સમયસર ચૂકવણીની સ્થિતિમાં તેઓને વધારાના ૩% વ્યાજ માફીની સુવિધા પણ મળશે.




*Acknowledged the information used/taken from the public domain*

હાલમાં, પાક ધિરાણ આવા અસરગ્રસ્ત ખેડૂતો માટે પુન:નિર્ધારિત કરવામાં આવી છે અને તેમને પુન:નિર્ધારિત ધિરાણના પ્રથમ વર્ષ માટે ફક્ત ૨% વ્યાજ માફીની સુવિધાનો લાભ મળે છે. હવે, ગંભીર કુદરતી આપત્તિઓથી અસરગ્રસ્ત તમામ ખેડૂતો કે જેમને રાષ્ટ્રીય આપત્તિ રાહત ભંડોળ (NDRF) માંથી સહાય પૂરી પાડવામાં આવે છે તેમને ૨% વ્યાજ માફીની સુવિધાનો લાભ આપવામાં આવશે અને તેમના ધિરાણની પુન:ચૂકવનીના સંપૂર્ણ સમયગાળા માટે ૩% વ્યાજ માફીની સુવિધા ધિરાણની ઝડપી ચૂકવણીને પ્રોત્સાહન આપવામાં આવશે. સરળ અને રાહત આપતી ધિરાણની જોગવાઇ અને બધા જ ખેડૂતોને કિસાન ક્રેડીટ કાર્ડની સુવિધા હેઠળ લાવવા માટે સરકારે સરળ અરજીપત્રક સાથે વ્યાપક ડ્રાઇવ શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

## સરકારનું આગામી દસકા માટેનું અનંત દ્રષ્ટિબિંદુ.......




સરકારે આગામી દસકા માટે તેનું આયોજન/ દ્રષ્ટિબિંદુ રજુ કર્યુ છે, જેમાં ૨૦૩૦માં દસ સૌથી મહત્વપૂર્ણ પરિમાણોની સૂચિ જાહેર કરી છે. આ વ્યાપક દસ પરિમાણીય વિઝન સાથે આપણે એક એવા ભારતની સ્થાપના કરવી છે કે જ્યાં ગરીબી, કુપોષણ, ગંદકી અને નિરક્ષરતા એ ભૂતકાળ બની રહેશે. ભારતીય સમાજ આધુનિક, ટેકનોલોજી આધારિત, ઉંચો વિકાસ દર ધરાવતો, સમાન અને પારદર્શક સમાજ બની રહેશે. તેમ નાણાં મંત્રાલય, વાણિજ્ય બાબતો, રેલવે અને કોલસા પ્રધાન શ્રી પિયુષ ગોયલે ભારતીય સંસદમાં વચગાળાનું અંદાજપત્ર,૨૦૧૯-૨૦ રજૂ કરતી વખતે જણાવ્યુ હતુ. વિઝન-૨૦૩૦ ના સૂચવેલા પરિમાણો નીચે મુજબ છે.

૧. દસ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા માટે ભૌતિક અને સામાજીક માળખું બનાવવુ અને લોકોનું જીવન સરળ બનાવવુ.

૨. ડિજીટલ ઇન્ડિયા અંતર્ગત સ્ટાર્ટ-અપ યુવાનો દ્વારા સંચાલન કરવુ અને મિલિયન રોજગારી તકોનું સર્જન કરવુ.

૩. ઇલેક્ટ્રિકલ વાહનો અને નવીનીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારતને પ્રદૂષણ મુક્ત બનાવવું.

૪. ગ્રામીણ ઔદ્યોગિકરણમાં આધુનિક તકનિકોનો ઉપયોગ કરીને વિશાળ પ્રમાણમાં રોજગારીની તકો પેદા કરવી.

૫. નદીઓનું શુદ્ધિકરણ, તમામ ભારતવાસીઓને શુદ્ધ પીવાના પાણીની ઉપલબ્ધતા અને સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિનો ઉપયોગ કરીને સિંચાઇમાં પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવો.

૬. સાગરમાલા પ્રોજેક્ટનો વિસ્તાર કરવો, આ ઉપરાંત ભારતના દરિયાકિનારા અને દરિયાઇ પાણીથી વીજળીનુ ઉત્પાદન થશે.


૭. આપણી અવકાશી યોજના-ગગન્યાન દ્વારા ભારત એ સમગ્ર વિશ્વ માટે ઉપગ્રહ માટેનું લોંચ-પેડ બનશે.

૮. અનાજ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા અને સૌથી વધારે કાર્બનિક અનાજનું ઉત્પાદન કરવુ.

૯. ૨૦૩૦ સુધીમાં તંદુરસ્ત ભારત અને બધા માટે તકલીફો વિનાની આરોગ્ય સંભાળ અને સુખાકારી વ્યવસ્થા. આયુષ્યમાન ભારત અને મહિલા સહભાગિતા તેમાં એક મહત્વપૂર્ણ ઘટક હશે.

૧૦. ચૂંટાયેલી સરકાર સાથે કામ કરતા કર્મચારીઓ ભારતને ન્યુનતમ સરકાર મહતમ ગવર્નન્સ રાષ્ટ્રમાં રૂપાંતરિત કરે છે.

## ઇ-નામ સાથે ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિઓનું સંકલન...




૫૮૫ જથ્થાબંધ નિયંત્રિત બજારો/ ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિઓ અત્યાર સુધીમાં ૧૬ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઇ-નામ પ્લેટફોર્મ સાથે સંકલિત કરવામાં આવ્યા છે કે જેમણે તેમના રાજ્યના ખેત ઉત્પાદન બજાર અધિનિયમમાં જરૂરી સુધારા કર્યા છે. રાજ્ય પ્રમાણે સંકલિત ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિઓની માહિતી કોઠા-૧ માં આપેલ છે. ઇ-નામ સાથે બજાર સમિતિઓને જોડાવાની ઇચ્છા ધરાવતા રાજ્યોને તેમના ખેત ઉત્પાદન બજાર અધિનિયમમાં જરૂરી ત્રણ સુધારા કરવાની જરૂર છે જેમાં, બજાર સમિતિમાં એક જ માર્કેટ ફી ની ચૂકવણી, રાજ્યની તમામ બજાર સમિતિઓમાં એકસમાન વેપાર લાયસન્સ અને ઇ-હરાજીની સુવિધા. બજાર અધિનિયમમાં જરૂરી સુધારા કર્યા બાદ રાજ્યોની પ્રાથમિકતા પર આધારિત ઇ-નામ પ્લેટફોર્મ સાથે સંકલન માટે તેમના જથ્થાબંધ બજારોને પ્રસ્તાવિત કરવા જરૂરી છે. જેને પછી ભારત સરકાર દ્વારા એકીકરણ માટે ધ્યાનમાં લેવામાં આવશે.

રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો કે જેની પાસે બજાર અધિનિયમન નથી અથવા તે અમલમાં નથી ત્યાં કાયદેસર રીતે લાગુ પાડવા

માટે યોગ્ય દિશાનિર્દેશો સાથે લાગુ પાડવા આવશ્યક છે, જે યોગ્ય ભૌતિક આંતરમાળખાને વિકસાવશે અને ઇ-નામને ઇ-વેપાર માટે વેપારીઓ/ખેડૂતોની નોંધણી સહિતની જરૂરી સુવિધાત્મક જોગવાઇ બનાવશે.

તેથી ઇ-નામ પ્લેટફોર્મ સાથે બજાર સમિતિઓનું સંકલન એ એક ચાલુ પ્રક્રિયા છે. આવશ્યક જોગવાઇઓ પૂર્ણ કર્યા બાદ ભારત સરકાર બાકીના રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઇ-નામ સાથે બજાર સમિતિઓના સંકલન કરવાની દરખાસ્ત તરફ આગળ વધી રહી છે.

| અનુ. નં. | રાજ્યનું નામ | સંકલિત બજાર સમિતિઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | આંન્ધ્ર પ્રદેશ | ૨૨ |
| ૨. | છત્તીસગઢ | ૧૪ |
| ૩. | ગુજરાત | ૭૯ |
| ૪. | હરિયાણા | ૫૪ |
| ૫. | હિમાચલ પ્રદેશ | ૧૯ |
| ૬. | ઝારખંડ | ૧૯ |
| ૭. | મધ્ય પ્રદેશ | ૫૮ |
| ૮. | મહારાષ્ટ્ર | ૬૦ |
| ૯. | ઓડિસા | ૧૦ |
| ૧૦. | પંજાબ | ૧૯ |
| ૧૧. | પોંડિચેરી | ૨ |
| ૧૨. | રાજસ્થાન | ૨૫ |
| ૧૩. | તામિલનાડુ | ૨૩ |
| ૧૪. | તેલંગાણા | ૪૭ |
| ૧૫. | ઉત્તર પ્રદેશ | ૧૦૦ |
| ૧૬. | ઉત્તરાખંડ | ૧૬ |
| ૧૭. | ચંડીગઢ | ૧ |
| ૧૮. | પશ્ચિમ બંગાળ | ૧૭ |
| | કુલ | ૫૮૫ |

## કૃષિ ક્ષેત્રમાં શહેરી-ગ્રામીણ ખાઇને દૂર કરવી................




સરકાર ઘણાં કાર્યક્રમોનો અમલ કરી રહી છે જેનો હેતુ ગ્રામીણ લોકોના જીવનની ગુણવત્તામાં એકંદરે સુધારો લાવવો અને શહેરી-ગ્રામીણ ખાઇને દૂર કરી રોજગારીની તકો વધારવી, લોકોને જીવનધોરણની તકો પૂરી પાડવી, ગામડાઓમાં આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવી તેમજ અન્ય મૂળભૂત સુવિધાઓની જોગવાઇ કરવી વગેરે. આ કાર્યક્રમોમાં અન્ય બાબતો સામેલ છે જેમાં, વેતન રોજગાર માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી એક્ટ, પંડિત દીનદયાલ અંત્યોદય યોજના-સ્વ-રોજગાર દ્વારા પ્રોત્સાહનની આજીવિકા માટે રાષ્ટ્રીય ગ્રામીણ જીવનનિર્વાહ મિશન, ગ્રામીણ આવાસ માટે વડાપ્રધાન આવાસ યોજના, સ્થાનિક આર્થિક વિકાસને ઉત્તેજીત કરવા, મૂળભૂત સેવાઓ વધારવા અને સારી રીતે આયોજન કરાયેલ રર્બન સમુહો બનાવવા માટે રાષ્ટ્રીય રર્બન મિશન, પરંપરાગત કારીગરો અને બેરોજગાર યુવાનોને મદદ કરીને બિન-કૃષિ ક્ષેત્રમાં લઘુ ઉધોગોની સ્થાપના દ્વારા સ્વ-રોજગારની તકો ઉભી કરવા માટે વડાપ્રધાન રોજગાર સર્જન કાર્યક્રમ, ગ્રામીણ ગરીબોની આવક વધારવા માટે રાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ અને ગ્રામીણ રસ્તાઓ માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના. સિંચાઇ, કૃષિ વીમો, જમીન આરોગ્ય પત્રક, બજાર, ધિરાણ અને કૃષિ માળખાકીય સુવિધા માટેના કાર્યક્રમો સાથે કૃષિ ક્ષેત્રમાં સરકારનું ધ્યાન કેન્દ્રિત કરવા સાથે ટેકાના ભાવોની જાહેરાત સાથે ખેડૂતો અને ગ્રામીણ લોકોની આવકમાં વધારો થવાની શક્યતા છે. નીતિઓ અને આયોજનમાં ઉત્પાદન કેન્દ્રિતથી આવક કેન્દ્રિત વિવિધ યોજનાઓની શરૂઆત કરવામાં આવી છે.

Book Post

To,

DOI : 30.04.2019

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Uni Press